## સંક્ષિપ્ત સમાચાર

### સરસ્વતી વિદ્યાલય ખાતે બાળકોએ માતાનું પૂજન કરી ગુરુપૂર્ણિમાની ઉજવણી



**સંજેલી :** સંજેલીની શ્રી સરસ્વતી વિદ્યાલય ખાતે ગુરુ શિષ્ય ના પવન પર્વ પર ધોરણ 1ના બાળકો ની માતા ને બોલાવી બાળકો એ માતા નું પૂજન કરી ઉત્સાહ પૂર્વક ઊજવણી કરવામાં આવી હતી . શાળા પરિવાર દ્વારા બાળકોને પ્રથમ ગુરુ એવા માતા પિતા અને તેમના મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું ત્યારે સંજેલી ખાતે આવેલ સરસ્વતી વિદ્યાલય ખાતે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને બોલાવવામાં આવ્યા હતા ત્યારે વાલીઓને વિદ્યાર્થીઓ દ્વારા પૂજન કરાવી તેમને ગુરુ વિશે મહત્વ સમજાવવામાં આવ્યું હતું .

### કાલોલ તાલુકા પંચાયતની બહાર ખાણીપીણીની લારીઓવાળાના દબાણો દૂર કરવા રજૂઆત

**કાલોલ :** કાલોલ તાલુકાના પંચાયત બહાર હાઇવે પર તેમજ એમ જી એસ હાઇસ્કુલ સહિત લાલ દરવાજા સુધી ટ્રાફીકને અડચણ રૂપ ખાની પીની લારીઓ ગોઠવી દેતા રાહતદારીઓમાં અકસ્માતનો ભય વર્તાય રહ્યો છે ત્યારે આવા દબાણો દુર કરવામાં આવે તેવી લોક માગ ઉઠવા પામી છે કાલોલ બોરુ ટર્નિંગ થી લઈને લાલ દરવાજા સુધી હાઇવે પરના ફૂટપાથ પર અડચણ રૂપ ખાની પીની લારી ગલ્લાઓ ઉભા કરી દેતા ટ્રાફીકને અડચણ રૂપ થાય છે લગ ભગ ૮ મહિના અગાઉ જિલ્લાના કક્ષાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કાલોલ સ્થાનિક તંત્રને સાથે રાખી આવા તમામ દબાણો પર બુલ્ડોઝર ફેરવી દબાણો દૂર.કરાયા હતા પરંતુ દબાણ કર્તાઓએ ફરીવાર પોતાના ધંધા શરૂ કરતા સ્થાનિક તંત્ર સામે અનેક સવાલો ઉભા થઇ રહ્યા છે.

### દાહોદ ખાતે વર્લ્ડ હિપેટાઇટિસ ડે અંતર્ગત અવરનેસ કેમ્પેઇન તથા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



**દાહોદ :** વર્લ્ડ હિપેટાઇટિસ ડે ની ઉજવણી ના ભાગરૂપે નેશનલ વાઇરલ હિપેટાઇટિસ કંટ્રોલ પ્રોગ્રામ અન્વયે હેલ્થ ફાઉન્ડેશન રીસર્ચ સેન્ટર અને એસ.આર.કડકિયા સ્કૂલ ઓફ નર્સિંગ તથા ટી. આઇ પ્રોજેક્ટ અને દિશા ડાપકું તથા ઝાયડસ બ્લડ બેંક ના સહયોગથી અવરનેશ કેમ્પેઈન તથા બ્લડ ડોનેશન કેમ્પ કરવામાં આવ્યો આ કાર્યક્રમ ના મુખ્ય મહેમાન માન. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો ઉદય ટીલાવત એચ આઇ વી ટીબી ઓફિસર શ્રી ડો આર. ડી. પહાડીયા તથા સંસ્થાના વડા પ્રમુખશ્રી સંદીપ શેઠ, ઉપપ્રમુખશ્રી અનિલભાઈ દેસાઈ, સંસ્થાના મંત્રી તેમને ટી. આઈ. પ્રોજેક્ટ ડાયરેક્ટર નીરેન શાહ, સહમંત્રી વિકાસભાઈ ભુતા, સહમંત્રી ઉમેશભાઈ શાહ,એસ. આર. કડકીયા સ્કૂલ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ શ્રીમતી કે. એલ. લતા મેડમ હાજર રહ્યા હતા.

### સંજેલીમાં તાલુકા અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં સાંસ્કૃતિક દિવસની ઉજવણી



**સંજેલી :** સંજેલીની એક માત્ર સરકારી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા સંજેલી માં સાંસ્કૃતિક દિવસ ની ઉજવણી કરવામાં આવી તેમાં શાળા ના આચાર્ય સોલંકી અંકિત મનુભાઈ દ્વારા ભારત ની સાંસ્કૃતિક વિવધતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું . શાળા ના બાળકો દ્વારા વિવિધ વેશભૂષા,ભોજન, કલા,નૃત્ય વગેરે નું પ્રદર્શન કરવામાં આવ્યું.

### સંજેલીમાં સરકારી અનાજ ગોડોઉન ખાતે વૃક્ષારોપણ કરવામા આવ્યું



**સંજેલી :** જિલ્લા પુરવઠા અધિકારી દાહોદ વસાવા ,જિલ્લા પુરવઠા મામલતદાર દાહોદ ચાવડા ,તેમજ ગોડોઉન મેનેજર સંજેલી પી.આર. કલાસવા દ્વારા સરકારી અનાજ ગોડોઉન સંજેલી ખાતે વૃક્ષારોપણ કરવામા આવ્યું.

---

### કાલોલ લાલ દરવાજા પાસે છેલ્લા એક મહિનાથી પાણીના નિકાલ માટે નાખેલી પાઇપોથી સ્થાનિકો હેરાન

# કાલોલના પ્રવેશ દ્વારે વરસાદી પાણી ભરાતા લોકોને હાલાકી

**બાળકો,** મહિલાઓ અને વયોવૃદ્ધોને આવવા જવામાં ભારે હાલાકી વેઠવી પડે છે

(પ્રતિનિધિ) કાલોલ,તા,26

કાલોલ બોરું ટર્નિંગ પાસે આવેલી વૈભવ લક્ષ્મી સોસાયટી અને શિવ શક્તિ સોસાયટીના પ્રવેશ દ્વાર પાસે ખૂબ જ પાણી ભરાતા સોસાયટીમાંથી આવવા જવામાં સોસાયટીના રહીશોને વારંવાર મુશ્કેલીઓ પડી રહી છે. વાહનો લઈને જવામાં પણ મુશ્કેલી ઊભી થઈ રહી છે તેના કારણે બંને સોસાયટીના રહીશો ને ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. શાળામાં જતાં નાના બાળકો, કર્મચારીઓ, સ્ત્રીઓ અને મોટી ઉંમરના વડીલોને આ પાણીમાંથી બહાર નીકળવામાં વારંવાર મુશ્કેલીઓનો સામનો કરવો



પડે છે આથી નગરપાલિકાના જવાબદાર અધિકારી પદાધિકારીઓએ તાત્કાલિક પગલાં લઈને સોસાયટીના પ્રશ્નોને હલ કરવા સોસાયટીના લોકોની લાગણી અને માગણી છે. જ્યારે બીજી બાજુ મધ્ય ગુજરાત વીજ કંપની કાલોલ ઈજનેર ને લેખીત રજુઆતમાં જણાવ્યુ હતુ કે ચોમાસાના કારણે આ સોસાયટીઓમાં વીજળીના ધાધિયા ખૂબ જ વધી ગયા છે આખો દિવસ વીજળી આવજા કરે છે ઘણી વખત વીજળીના પાવર એકદમ ઘટી જાય છે અથવા તો એકદમ વધી જાય છે જેના કારણે સોસાયટીના ઈલેક્ટ્રોનિક ઉપકરણો ને વારંવાર નુકસાન થાય છે આથી આ સોસાયટીઓનો વીજ પુરવઠો વારંવાર વધઘટના થાય તે માટે પગલા લેવા માટે વકીલ હસમુખભાઈ મકવાણા દ્વારા ઉપરોક્ત બન્ને વિભાગમાં પોતાના લેટરપેડ સાથે લેખીત રજુઆત સાથે માગણી કરી છે.

### એકમાસથી નાખેલી પાઇપોની કામગીરી શરૂ ન કરાતા રોષ



કાલોલ લાલ દરવાજા પાસે છેલ્લા એક મહિનાથી પાણીના જવાના નિકાલ માટે જે પાઇપો નાખવામાં આવી છે તેનું હજુ સુધી રીપેરીંગ કામ થયું નથી જેના કારણે આજુબાજુના દુકાનવાળા અને રાહદારીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે આજે પાઇપલાઇન ખોદી નાખી છે તેની સામે બાજુ દવાખાનું અને લેબોરેટરી જેવી આવશ્યક સેવાઓ આવેલી છે જેના કારણે દર્દીઓને દવાખાને અવરજવર માટે ખૂબ જ મુશ્કેલી પડે છે જેના કારણે સિનિયર સિટીઝન લોકોને પણ ઊંચકીને લઈ જવા પડે છે.

---

### સંખેડામાં ખૂનવાડ ગામે ભ્રષ્ટાચારના દર્શન

## નવા બનાવેલા સ્લેબ ડ્રેઈનનો એપ્રોજ બેસી જતા તંત્ર દોડતું થયું

(પ્રતિનિધિ) સંખેડા,તા,26

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકા ખૂનવાડ ગામે સ્લેબ ડ્રીઈન નો એપ્રોજ ચાર મહિના પહેલા સંખેડા ના ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું જે સંખેડા તાલુકામાં મુશળધાર વરસાદ પડતા સ્લેબ ડ્રીઈન નો એપ્રોજ બે ફૂટ જેટલો બેસી જવાથી આવતા જતા વાહન વ્યવહારને અકસ્માતનો ભય સતાવી રહ્યો હતો અને વારંવાર તંત્રને જણાવવા છતાં ઘોર નિંદ્રામાં હોય એમ જણાય આવ્યું હતું. પરંતુ બેથી ત્રણ વાર મીડિયા દ્વારા તંત્રને ટકોરવા છતાં બહેરુ મૂંગૂ તંત્ર ઘોર નિંદ્રામાં હોય એમ લાગતા સંખેડા માં અતિશય વરસાદ પડતા ગમે ત્યારે એપરોજ ની જગ્યાએ હોનારત સર્જાય તેવી પરિસ્થિતિ જોવા મળી હતી અને માત્ર તંત્ર મોટા મોટા લાખો રૂપિયાના ખર્ચે મંજૂર કરી



બનાવવા ના દાવા કરવામાં આવે છે જે સંખેડામાં ફોકડ સાબિત થયા છે અને આ એપ્રોજ માં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોય તે માલુમ થાય છે આમાં દરેકની મીલી ભગત હશે તેવી લોક મુખે ચર્ચા ઊઠવા પામી છે. જ્યારે તંત્રને આ વાતની જાન થતા જ આજે બપોરે માત્રને માત્ર એપ્રોજ ઉપર મિક્સર નાખી ટુ વ્હીલર ને પડતી મુશ્કેલીઓ ને નજર અંદાજ કરતું તંત્ર બંને તરફ મિક્સર નાખી સંતોષ માળતું તંત્ર પાછું ગોર નિંદ્રામાં સુઈ ગયું હોય તેવું ગામના લોકોનું કહેવું છે.

---

## ગોધરા પોલન બજરામાં પેટ્રોલપંપ ઉપર મામલતદારની તપાસ

(પ્રતિનિધિ) ગોધરા,તા,24

પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારીની તપાસ દરમ્યાન આ પેટ્રોલ પમ્પના ડીઝલ આઉટલેટ પર ૪૫ મી.મી. ઓછું આવતાં ડીઝલ જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. ગોધરા પોલન બજાર વિસ્તારમાં ભારત પેટ્રોલીયમ સંચાલીત હતીમી પેટ્રોલ પંપ (કાલાભાઈ પેટ્રોલ પંપ) ઉપર જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા, ગોધરા મામલતદાર અને તોલમાપ કચેરી દ્વારા સંયુકત ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. પેટ્રોલ પંપના માલિક અજગરભાઈ કુરહાન હુસેન પેટ્રોલવાલાને ત્યાં ડીઝલ આઉટલેટ પર પાંચ લીટર સરકારી માપીયા દ્વારા માપણી કરવામાં આવી હતી. ડીઝલ આઈટલેટ પર થી ડીઝલનો ઓછો જથ્થો આપી પેટ્રોલ પંપ સંચાલક ગંભીર ગેરરીતિ આચરતા હોય જેને લઈ ડીઝલનો ૪૩૦ લીટર કિંમત ૩૮,૯૬૬/- રૂપીયાનો ૧૦ ટકાનો જથ્થો સીઝ કરી અને ડીઝલ આઉટલેટ નં.૪ સીલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

---

### પોલીસે આરોપીઓ પાસેથી 5.29 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

## દાહોદ એલસીબીએ ઘરફોડ ચોરીના ગુનામાં ભાગતા ત્રણ આરોપીઓને ઝડપ્યા

(પ્રતિનિધિ) દાહોદ,તા,26

ગાંધીનગર જિલ્લાના દહેગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જી-હાઈઝન્સ પ્રોડક્ટસ નામની કોસ્મેટીક કંપનીમાં થયેલ ઘરફોડ ચોરીના ત્રણ આરોપીઓને દાહોદ એલસીબી પોલીસે આરોપીઓને દાહોદના ગડોઈ ગામેથી ઝડપી લીધા હતા.



દાહોદ જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારની પ્રવૃતિઓને અટકાવવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા તેમજ અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ગાંધીનગર જિલ્લાના દહેગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જી-હાઈઝન્સ પ્રોડક્ટસ નામની કોસ્મેટીક કંપનીમાં થયેલ ઘરફોડ ચોરીના આરોપીઓ દાહોદના ગડોઈ ગામે ઘાટી પાસેથી પસાર થઈ રહ્યાં હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે સ્થળ પર વોચ ગોઠવી ઉભી હતી ત્યારે બાતમીમાં દર્શાવેલ ત્રણ આરોપીઓની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો. જેતી પોલીસે તેઓની અંગ ઝડતી કરતાં તેઓની પાસેથી રોકડા રૂપીયા ૫,૨૯,૩૦૦ની રકમ મળી આવતાં પોલીસે તેઓને પોલીસ મથકે લાવી સઘન પુછપરછ કરતાં પોલીસની પુછપરછમાં ત્રણેય આરોપીઓ જેમાં નટુભાઈ નબળાભાઈ ચૌહાણ, ભારતાભાઈ નાનીયાભાઈ પલાસ , રૂમાલભાઈ કાળીયાભાઈ પલાસનાઓ ભાંગી પડ્યાં હતાં અને પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, પોતે ગાંધીનગર જિલ્લાના દહેગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જી-હાઈઝન્સ પ્રોડક્ટ્સ નામની કોસ્મેટીક કંપનીમાં ઘરફોડ ચોરીને અંજામ આપ્યો હતો.

---

### 13 ચેકડેમોમાં થયેલા ભ્રષ્ટાચારની તપાસ કરવા જાગૃત નાગરિકે અરજી કરી

## સિંગવડ ભુતખેડીના ચાચકપુર ગામે ચેકડેમોમા મોટા પાયે ભ્રષ્ટાચાર

(પ્રતિનિધિ) સિંગવડ ,તા,24

સિંગવડ તાલુકાના ગ્રુપ ગ્રામ પંચાયત ભુતખેડીના ચાચકપુર ગામના તડવી સરદારસિંહ લલ્લુભાઈ દ્વારા સર્વે ખાતા નંબર 13 માં ચેકડેમ બનાવવામાં આવ્યો હતો જ્યારે આ ચેકડેમ પેટે તડવી સરદાર ભાઈને એક લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા અને જે ચેક ડેમની 4, લાખ 80 હજાર નો હોય તેના બીજા રૂપિયા ક્યાં ગયા તેની માહિતી અરજદાર દ્વારા માંગવામાં આવી હતી તે આજદિન સુધી માહિતી આપવામાં નથી આવી જ્યારે આજ સર્વે નંબરમાં ત્રણ કેટલ શેડ જમીન સમતલ જમીન લેવલિંગ પણ કરવામાં આવ્યા નથી છતાં તેના રૂપિયા કોઈ લોકો દ્વારા લઈ લેવા મા આવ્યા છે જ્યારે આ જ સર્વે નંબર 13 માં 2021 માં બોર અને મોટર પણ કરવામાં આવી હતી પરંતુ તેનામાં પણ આ રૂપિયા ઉપાડીને લઈ લેવામાં આવ્યા હતા જ્યારે આ સર્વે નંબરમાં બોર મોટર પણ થઈ નહીં હોવાનું અરજદારનું કેવું હતું જ્યારે આ સર્વે નંબરમાં ત્રણ ચેકડેમ બનાવેલા બોલતા હોય પરંતુ ત્યાં એક જ ચેકડેમ અરજદાર દ્વારા બનાવવામાં આવ્યો હતો જ્યારે અરજદાર દ્વારા તપાસ કરાતા બિલ નંબર 388 389 393 383 382 384 મુજબ તેના રૂપિયા લઈ લેવામાં આવ્યા છે જ્યારે આ સત્યમ ટ્રેડર્સ નામની કંપનીમાં રૂપિયા ગયા હોય તે કહ્યું છે જ્યારે સર્વે નંબર 13ના અરજદાર તડવી સરદાર ભાઈને આ વાતની ખબર પડતા તેમને તારીખ 24 5 24 ના રોજ સિંગવડ તાલુકા વિકાસ અધિકારીને અરજી આપીને તાત્કાલિક ધોરણે તેની તપાસ કરવા જણાવ્યા માં આવ્યું હતું પરંતુ તેની તપાસ નહીં થતાં અરજદાર દ્વારા તારીખ 28 5 2024 ના રોજ દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને પણ અરજી આપવામાં આવી હતી કે તેની તાત્કાલિક તપાસ કરવામાં આવે પરંતુ અરજી આપ્યા છતાં પણ આજ દિન સુધી આની કોઈ તટસ્થ તપાસ નહીં થતાં અરજદારને કોના પાસે તપાસ કરવી એક મોટો સવાલ ઊભો થયો છે.

---

### કોમર્સ કોલેજ ગોધરા ખાતે કારગીલ જવાનોને શ્રદ્ધાંજલિ



**કાલોલ :** સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ વિભાગ દ્વારા તારીખ 26 જુલાઈ ની કારગીલ વિજય દિવસ તરીકે ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ અને એન એસ એસ ના પ્રોગ્રામ ઓફિસર પ્રો. ડો. અરુણસિંહ સોલંકીએ તા.26 જુલાઈ 1999 ના રોજ બનેલી ઘટનાનો ચિતાર રજૂ કર્યો હતો અને એ યુદ્ધ દરમિયાન ભારત ચોક્કસ વિજય બન્યું હતું પરંતુ તેને તેના વીર સપૂત જવાનોને ગુમાવવા પડ્યા હતા.. એ જવાનોની શહાદતને યાદ કરી આજે શહીદ જવાનોને મીણબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓએ ભારત માતાકી જય અને વંદે માતરમ ના નારાથી સમગ્ર કેમ્પસને ગજવી મૂક્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કુમારી હર્ષિતા ખીમાણી ,ઉદય રાણા, અંજલિ શકુનિયા સહિતના એનએસએસના સ્વયંસેવકોએ કર્યું હતું.

---

## પાવાગઢ ખાતે 5થી 10 ઓગસ્ટ સુધી રોપ-વે સેવા અર્ધવાર્ષિક મેન્ટેનન્સને કારણે બંધ રાખવા નિર્ણય

(પ્રતિનિધિ) હાલોલ,તા,26

સુપ્રસિદ્ધિ યાત્રાધામ પાવાગઢ ખાતે ડુંગરની ટોચ પર બિરાજમાન મહાકાળી માતાજીના દર્શન કરવા માટે વાર તહેવારે તેમજ શનિવાર રવિવારની જાહેર રજાઓમાં હજારો લાખોની સંખ્યામાં તેમજ રોજે રોજ મોટી સંખ્યામાં માઈ ભક્તો પાવાગઢ ખાતે પધારી મહાકાળી માતાજી ની પૂજા અર્ચના કરે છે જેમાં પાવાગઢ ખાતે માચી થી ડુંગર સુધી યાત્રિકોને લાવવા લઈ જવાની સુવિધા પૂરી પાડતી ઉષા બ્રેકો લિમિટેડ સંચાલિત માં કાલિકા ઉડન ખટોલા રોપ-વે કંપની દ્વારા રોપ-વેની ટ્રોલીઓ



કેબલ તેમજ મશીનરીના વિવિધ મિકેનિઝમની વાર્ષિક તેમજ અર્ધવાર્ષિક રીપેરીંગ મેન્ટેનન્સની કામગીરી હાથ ધરાય છે જે અંતર્ગત આ વર્ષે પણ અર્ધવાર્ષિક મેન્ટેનન્સ ની કામગીરી કરવામાં આવનાર છે જેને અનુલક્ષીને માં કાલિકા ઉડાન ખટોલાના મેનેજમેન્ટ પાસેથી મળતી માહિતી મુજબ રોપ-વેની અર્ધવાર્ષિક મેન્ટેન્સ રીપેરીંગની કામગીરી આગામી ઓગસ્ટ માસની પાંચમી તારીખથી હાથ ધરવામાં આવનાર છે જેમાં તારીખ 05/08/2024 થી 10/08/2024 સુધી એટલે કે 05 દિવસ સુધી યાત્રાધામ પાવાગઢ ખાતે રોપ-વે સેવા બંધ રાખવામાં આવશે તેવો નિર્ણય રોપ-વે કંપનીના સંચાલકો દ્વારા લેવામાં આવ્યો છે જેમાં આ પાંચ દિવસ સુધી રીપેરીંગની કામગીરી હાથ ધરાયા બાદ તારીખ 11/08/2024 ના રોજ રોજિંદા સમય મુજબ સવારથી રોપ-વે સેવા રાબેતા મુજબ કાર્યરત કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી છે અને આ અંગેની નોંધ યાત્રાધામ પાવાગઢ ખાતે આ પાંચ દિવસો દરમિયાન આવનારા યાત્રિકોએ નોધ લેવી.

---

## ગરબાડા તાલુકામાં ખેતરમાં લીલા ગાંજાનુ વાવેતર, એકની ધરપકડ

(પ્રતિનિધિ) દાહોદ,તા,26

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગામે એક ખેતરના માલિકે પોતાની માલિકીના ખેતરમાં ગેરકાયદેસર લીલા ગાંજાના છોડનું વાવેતર કરતાં આ અંગેની જાણ દાહોદ એસ.ઓ.જી પોલીસને થતા પોલીસે ખેતર માલિકના ખેતરમાં ઓચિંતી તપાસ હાથ ધરતા પોલીસે ખેતરમાંથી લીલા ગાંજાના છોડ નંગ ત્રણ જેની કિંમત રૂપિયા 66000ના મુદ્દામાલ સાથે ખેતર માલિકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે. ગત તારીખ 24મી જુલાઈના રોજ દાહોદ એસોજી પોલીસને મળેલ બાદમીના આધારે ગરબાડાના વજેલાઓ ગામે ગણાવા ફળિયામાં રહેતા ધીરુભાઈ કમજીભાઈ ગણાવાના માલિકીના ખેતરમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી જેમાં પોલીસે ખેતરમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ લીલા ગાંજાના છોડ નંગ ત્રણ જેનું વજન 6 કિલો 600 ગ્રામ કિંમત રૂપિયા 66000 નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ખેતર માલિક ધીરુભાઈ કમજીભાઈ ગણાવાની અટકાયત કરી હતી.આ સંબંધે દાહોદ એસ.ઓ.જી પોલીસે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.